પુસ્તકો રખડતાં મુકી આશાતના કરવી નહીં.

શ્રીગુરૂભ્યો નમઃ

સર્વે જૈનભાઇઓને માટે સિદ્ધગીરિરાજના

ભવપજાના સ્તવન સાથે,

આત્મનિત્ય ભાવના.

મુની મહારાજશ્રી દર્શનવિજયજીના સુબોધથી

છપાવી પ્રસિદ્ધ કર્તા-શા. માનચંદ વેલચંદ.

સ્થલ ગોપીપુરા—સુરત.

સુરત-ચઉટાના પુલ ઉપર આવેલા 'જૈન વિજય' પ્રીન્ટીંગ
પ્રેસમાં ઠાકોરદાસ માનસીંગે છાપ્યું.

વીર સંવત ૨૪૪૧. વિક્રમ સંવત ૧૯૭૧.

નકલ ૨૦૦૦ આવૃતિ ૧ લી.

મૂલ્યમ્ રૂ. ૦-૦-૬.

અર્પણ પત્રિકા.

પરમ પૂજ્ય મહા ઉપકારી સાધુ ગુણ સંયુક્ત ૧૦૦૮ શ્રી શ્રી શ્રી મહારાજ શ્રી રિદ્ધી વિજયજી મહારાજ મુ૦ સુરત.

આપશ્રીનો જૈન ધર્મ પ્રત્યે અદ્વિતીય લાગણી તથા મારા જેવાને આપના ઉપદેશ થકી આવા અમૂલ્ય પુસ્તકો છપાવવા માટે મારા પ્રત્યે અતિ ઉત્સાહીત લાગણી દર્શાવો છો જેથી આપના અનેક સદ્ગુણોથી આકર્ષાઇ આ લઘુ પુસ્તક આપના ચરણકમળમાં અર્પણ કરૂં છું જે સ્વીકારશો. લી૦ દાસાનું દાસ.

ખુશાલચંદ મોતીચંદ શાહ.

સુરત.

જૈન ભાઈઓને વિજ્ઞાપના.

સર્વે જૈન ભાઇઓને જણાવું છું કે આ પુસ્તકની નકલ ૨૦૦૦ મેં મારા તરફથી છપાવી છે અને તેના પૈસા શુભ ખાતામાંથી આપેલા છે અને તે આપણા જૈન ધર્મી ભાઇઓ વાંચી લાભ લઇ શકે તેને માટે તેની કીંમત ફક્ત અરધો આનો રાખવામાં આવી છે અને તેના પૈસા આવે તે પાછા તેજ શુભ ખાતામાંજ વાપરવાના છે જેથી ધર્મનું કામ જાણીને ચોપડી જૈન ભાઇઓએ ખરીદવા ચૂકવું નહીં તેના અંદર સિદ્ધ ગીરિનું સ્તવન ભવની ભાવનાનું આવેલ છે જે રસીક હોવાથી દરેકને પ્રીય થશે અને ખરીદ કરવા ચૂકશે નહીં તેથી તેની કીંમત ફકત ૭ પૈ રાખવામાં આવી છે.

લી૦ ખુશાલચંદ મોતીચંદ શાહ નવાપુરા

સુરત.

શ્રી પરમાત્માને નમ:

શ્રી સિદ્ધગીરિ રાજના ભવપૂજાના સ્તવન સાથે આત્મનિત્ય ભાવના.

નવકારમંત્ર.

નમો અરિહંતાણું, નમો સિદ્ધાણું, નમો આયરિઆણું, નમો ઉવજઝાયાણું, નમો લોએ સવ્વસાહૂણું, એ સો પંચ નમુક્કારો સવ્વપાવપ્પણાસણો, મંગલાણું ચ સવ્વેસિં પઢમં હુવઇમંગલં ઇતિ.

॥ શ્રી સિદ્ધગિરિરાજનું ભવપૂજાનું સ્તવન ॥

॥ પ્રથમ ટુંકનું વર્ણન-બિંબ પ્રમાણ ॥

(પેલે ભવે એક ગામનોરે, રાય નામે નયસાર......એ રાગ).

સોરઠશીર્ષ તિલક સમોરે, શત્રુંજય ગિરિરાજ;
કલિયુગ કલ્પતરૂ નમોરે, ભવજળ તરવા જહાજરે,
ભવિજન! ભાવે ભજો ભગવંત, જેથી પામીએ ભવનો અંતરે ॥ભ.॥૧॥
પૂર્વ નવાણું પધારીયારે, ભેટો શ્રીનાભીકુમાર;
અનંત સિદ્ધએ ગિરિવરેરે, પુજી લહો ભવપારરે, ॥ભ.॥ ૨ ॥
રામપોળ દ્વારે દીઠોરે, પંચ શિખર પ્રાસાદ;
એકવીશ જીનરાજશુંરે, વિમળ નમો આહ્‌લાદરે ॥ભ.॥ ૩ ॥

બાજુ બીજા પ્રાસાદમાંરે, સુમતી જીનેશ્વર દેવ;
બિંબ ભલા વિશ ભેટતાંરે, ભાવથી કરીએ સેવરે ॥ભ॥૪॥

સગાળપોળ જતા દીઠીરે, નરશી નાયક ટૂંક;
પંચતિર્થ સોહામણુંરે ભેટતાં જાય ભવભીકરે ॥ભ.॥૫॥
બસો ચાર જીનરાશુંરે, મુળગભારે જાણુ;
પાંચસો ત્રણ ફરતા બીજારે, બિંબતણું પ્રમાણુરે ॥ભ.॥૬॥

વાઘણુપોળમાં પેસતારે, શાંતી જીનેંદ્ર પ્રાસાદ;
ત્યાસી સહિત પરોવારશુંરે, પ્રણુમો ધરી આહ્લાદરે ॥ભ.॥૭॥
નેમરાજુલ ચોરી દેરેરે, એકસો એકાવન જાણુ;
સહસ્રફણા પ્રભુ પાર્શ્વજીરે, બિંબ અઢાર પ્રમાણુરે ॥ભ.॥૯॥

એકસોત્રાણું જીન મધ્યમાંરે, ભેટો ધરીને ભાવ;
કુમારપાળ દેરા સુધીરે, પ્રણુમી પાવન થાઓરે ॥ભ.॥૧૦॥

કુમારપાળના ચૈત્યમાંરે, એકસોત્રીશ જીનરાજ;
ગોખલે ચાર જીનેશ્વરોરે, હાથીપોળ પેસતાજરે ॥ભ.॥૧૧॥

કુર્કટચંદ રૂપે થયોરે, સુરજકુંડમાં નાય;
દક્ષિણુ બાજુ જતા તીહારે, પ્રણુમો પ્રભુજીના પાયરે ॥ભ॥૧૨॥
કપડવંજવાળા તણુંરે, ઉત્તર બાજુમાં જેહ;
ઓગણુએંશી જીનરાજ તીહાંરે, ચૈત્યનમો ગુણુગેહરે ॥ભ.॥૧૩॥

લાઇન ભલી ત્યાંથી લહીરે, નરશી નાયકદ્વાર:
અમી જરા સમવસરણુ આદીરે, બિંબછે ત્રણુસો ઇગ્યારરે ॥ભ.॥૧૪॥

સમવસરણના ચૈત્યનીરે, નિરખો બાજુમાંય;
નજીક નાજુક દેરી માંહેરે, ભેટો કવડયક્ષરાયરે ॥ભ.॥૧૫॥
હાથીપોળે બીરાજતારે; મુળનાયક જગભાણ;
એકસો એકતાળી બિંબ શું'રે, મુળગભારે જાણરે ॥ભ॥૧૬॥
જગનાયક દેહરાશીરેરે, ચોમુખ બિંબ છે ચાર;
એકોતેર ફરતા બીજારે, બિંબતણો પરિવારરે ॥ભ.॥૧૭॥
મારૂ દેવા સૂત ભેટતાંરે, આનંદ અંગ ન થાય;
એકસો સડસઠ બિંબ છેરે, તે દેરા ફરતાયરે ॥ભ.॥૧૮॥
પ્રથમ પ્રદક્ષિણાએ જતાંરે, ચોકમાં સામસામાજ;
ઉત્તર દક્ષિણ શોભતારે, ચૈત્ય નમો શીરતાજરે ॥ભ.॥૧૯॥
સીમંધર સ્વામી ઉત્તરેરે, અડતાળીશ પ્રભુ જાણ;
દક્ષિણે નવા આદીશ્વરજીરે, બિંબ છેંતાળી પ્રમાણરે ॥ભ.॥૨૦॥
પાંચ ભાયા જીનમંદીરેરે, સોળ બિંબ પરિવાર;
દિવ્ય કાંતિ મન હરેરે, ભેટો શ્રીનાભી કુમારરે ॥ભ.॥૨૧॥
સન્મુખ પુંડરીક ગણધરૂરે, શોભતા ચૈત્યની માંય;
અસોબે જીનરાજશુંરે, ભેટીએ ભાવથી ત્યાંયરે ॥ભ.॥૨૨॥
બીજી પ્રદક્ષિણાએ જતાંરે, સમેતશીખર જીન વીશ;
આઠ બીંબની પીઠીકારે, નમીએ તેહને શીર્ષરે ॥ભ.॥૨૩॥
બાજરીયાનું શોભતુંરે, ત્રીજી ભમતી માંય;
બિંબ એકત્રીશ પ્રણમીએરે, દેરાસર છે જ્યાંયરે ॥ભ.॥૨૪॥

વિહરમાન દેરાસરેરે, ચુમાળીશ જીનરાજ;
અષ્ટાપદ ચોવીશ પ્રભુરે, બેતાળીશ ફરતાંજરે ॥ભ॥૨૫॥
પુંડરીક અષ્ટાપદેરે, જાતા ભમતીએ જાણ;
વચમાં દ્વીચૌમુખ ચૈત્યનાં મળીરે,ચારશોત્રીશ પ્રમાણુરે ॥ભ॥૨૬॥
અષ્ટાપદથી શાશ્વત પ્રભુ મળીરે, પુંડરીક જાતાં જાણુ;
ચારસો સત્તાણું ભમતીમાંરે, બિંબ નમો ગુણુખાણુરે ॥ભ॥૨૭॥

ભમતી તણી અગાશીએરે, જાએ ભેટવા કાજ;
ચાર મંધીર ષટ્શાશ્વતાંરે, ચૈત્ય શિરે જીનરાજરે ॥ભ॥૨૮॥
રાજાદ વૃક્ષ તળે રહ્યાંરે, પીલુડા પ્રભુજીનાં પાય;
પુજીએ સોવન ફુલડેરે, પાતક ભુકો થાયરે ॥ભ.॥૨૯॥

નજીક પ્રથમ પ્રભુ મુનિપણેરે, કાઉસગ્ગ મુદ્રામાંય;
નમી વીનમી સેવાફળીરે, દેખી દીલ હરખાયરે ॥ભ॥૩૦॥
સહસ્ત્રકુટ દહેરા મહીંરે, ફરતા એકાદશ જાણુ;
મોટા પ્રભુ તેની પીઠીકારે, ચૌમુખ ચાર પ્રમાણુરે ॥ભ.॥૩૧॥

ચૌદશે બાવન ગણુધરારે, ચોવીશ જીનનાં જાણુ;
પદપંકજ તેના ઉતરેરે, પૂજતાં ક્રોડ કલ્યાણુરે ॥ભ.॥૩૨॥

શાંતી જીનેંદ્ર પ્રાસાદથીરે, સ્નાત્ર ભણાવી સાર;
ધારી પૂજા આરંભતાંરે, પ્રથમ ટુંક મોઝારરે ॥ભ॥૩૩॥

ત્રણહજાર પાંચસોરે, તેંતાળીશ જીનરાજ;
મોટા બિંબ પ્રમાણુશુંરે, સેવા સહિત ગણુતાંજરે ॥ભ.॥૩૪॥

નાનાં બીજાં બહુ પ્રણુમીએરે, બિંબ તણો વિસ્તાર;
ધાતુ તણાં પગલાં આદીરે, પુજીએ પૂરણ પ્યારરે ॥ભ॥૩૫॥
મહા સુદી બીજે શરૂ કરીરે, પુનમે પુરણ કીધ;
ઇત્યાદિક જીન સેવતાંરે, પામતાં હોય નવનિધરે ॥ભ॥૩૬॥
યાત્રા નવાણું જે કરેરે, છરી સહીત ગીરીરાય;
તે ભવિહોય ભવાંતરેરે, શિવપુર શહેરે જાયરે ॥ભ॥૩૭॥
ગિરિવર દરિસન ફરસતાંરે, થાય ન કદી વિસરાળ;
ધન્ય દિવશ ધન્ય તે ઘડીરે, ઓગણી અડસઠ શાલરે ॥ભ..॥૩૮॥
પોશ વદી ચાદશ ભોમેરે, પુન્યે હુકમ મળતાંજ;
યાત્રા નવાણું આરંભતાંરે, ભેટ્યા પ્રથમ જીનરાજરે ॥ભ॥૩૯॥
ચૈત્રવદી અષ્ટમી દીનેરે, ઋષભના દ્વિ કલ્યાણ;
યથાશક્તિ યાત્રા કરીરે, અષ્ટોતર સયજાણરે ॥ભ॥૪૦॥
આ ભવ પરભવ આપનાંરે, ચરણની ચાહું સેવ;
દ્વિકર જોડી "દુર્લભ" કહેરે, આપો યુગાદી દેવરે, ॥ભ॥૪૧॥

સમાપ્તમ્.

નિત્યભાવના.

હે આત્મા તું વિચાર કર, તું અનંત કાળ થયાં રખડે છે પણ દુઃખનો અંત આવ્યો નહીં, હવે તું મનુષ્યનો જન્મ પામ્યો છે. તો ધર્મ સાધન કર કે જેથી કરી તારા સરવે દુઃખનો નાશ થાય એવી રીતે ધર્મ સાધન કર કે જેથી વહેલો વહેલો મુક્તિ જા કે જેથી તારે સંસારમાં વારંવાર રજળવું ન પડે મુક્તી જવાનો સાચો રસ્તો પામ્યો છે તો હવે આ અવસર મુકીશ નહીં આબુજી, અષ્ટાપદ, ગીરનાર સમેતશિખર શત્રુંજય ગિરીસાર એ પાંચે તીર્થે (ઠામે)ઠામ જે સિદ્ધી ગયા તેને વારંવાર પ્રણામ કર નામ જીણા જીણ નામ દવ્વ જીણા જીણંદજીવા ભાવંજીણા સમવ સરણ થા ઠવણ જીણા જીન પ્રતિમા પ્રભુ નામ મંત્રથી ઝેર ઉતરી જાય રોગ મટી જાય તેમજ પ્રભુ નામથી મિથ્યાત્વ અવૃત્ત જોગ કષાય કર્મ રોગ સર્વે મટી જાય પ્રભુ નામ કેવળ જ્ઞાનિ નિર્વાણી સાગર મહા જશ વિમલ સર્વાણુ ભૂતી સીધર શ્રીદત્ત દામોદર સુતેજ સ્વામિક મુનીસુ વૃત સુગતિ સિવંગતી અસ્તાગતી નમિસર અનિલજ શોધર કૃતારથ જીનેશ્વર સુધમતી શીવંકર સુભદીન સંપ્રતિ એ પ્રભુ અતિત કાલે થઇ ગયા તે સર્વેને મારી અનંતી વાર કોડાણુ કોડ વાર ત્રીકાલ વંદના હોજો રૂષભ અજીત સંભવ અભિનંદન સુમતિ પદમ પ્રભુ સુપાર્શ્વ ચંદ્રપ્રભુ

સુવિધિ સીતલ શ્રયાંસ વાસૂ પુજ્ય વિમલ અનંત ધર્મ શાંતિ કુંથુ અર મલ્લી મુનિસુ વૃત નમીનેમી પાર્શ્વનાથ વર્ધમાન આદિ તીર્થંકરો જેવી રીતે શાંતિને કરવાવાળા થયા તેવી રીતે સર્વ જીવને તું શાંતિ આપવાવાલો થા. પદ્મનાભ સુરદેવ સુપાર્શ્વ સ્વયંપ્રભુ સર્વાનુભૂતિ દેવસુત ઉદયનાથ પેઢાલ પોટીલ સતકીર્તિ સૂવૃત અમમ નિઃકશાય નિઃપુલાક નિર્મમ ચિત્રગુપ્ત સમાધિ સંવર જસોધર વિજયદેવ મલ્લજીન દેવજીન અનંતવીર્ય ભદ્રકૃત એ ચોવીશ તીર્થંકર થાશે તેને મારી અનંતિ કોડાણુ કોડ વાર ત્રિકાલ વંદનાં હોજો શ્રી મંધર જુગમધર બાહુ સુબાહુ સુનીક સ્વયંપ્રભુ ઋષભાનન અનંત વીર્જ સૂર પ્રભુ વિશાલનાથ વ્રજધર ચંદ્રાનન ચંદ્ર બાહુ ભુજંગનાથ નેમિશ્વર ઇશ્વર વીરસેન દેવજશા મહાભદ્ર અજીત વિર્જ એ વીશે વીહરમાનને મારી અનંતિ કોડાણુ કોડવાર ત્રીકાલ વંદના હોજો અતિત કાલે થઇ ગયા તથ હવે પછી છશે અને વર્તમાન કાલે કરી બોહોતેર તીર્થં કરો તથા વીશ વીહરમાન રષભ ચંદ્રાનન વારિષેણુ ને.વર્ધ માન તે સર્વ મલી છન્નું જીવને તું પ્રણામ કર સાસ્વતી પ્રતિમા પાંચશો ધનુષ્યની તથા સાત હાથની છે રત્નની બે દિવ્ય છે મનોહર છે જેને નજરે જેવાથી સાશ્વતા સુખનું પામવા પણું થાય તે વ્યંત્રની કાયમાં અસંખ્યાતા

જોતસીમાં અસંખ્યાતા જીનબીંબ છે વળી ત્રણ ભુવનમાં પંદરસો બેતાળીશ ક્રોડ અઠાવવન લાખ છત્રીશ હજાર ને એંશી શાશ્વતા જીનબીંબ છે. તે સર્વેને મારી અનંતી ક્રોડાણુ ક્રોડવાર ત્રિકાલ પંદણાહજો વળી અશાશ્વતી પ્રતિમા આબુજીમાં આદિશ્વરજી નેમીનાથજી પાર્શ્વનાથજી શાંતિનાથજી પ્રમુખ જીનબીંબ ઘણા છે. વળી અનંતાજીવ મૂક્તિ પામ્યા તે સરવેને માહારી અનંતી ક્રોડાણુ ક્રોડવાર ત્રિકાલ વંદણા હજો અષ્ટાપદજી ઉપર આદિશ્વર ભગવાન દશહજાર સાધુ મુનીવરો સાથે મુકતી ગયા

ભરત મહારાજજીએ સોનાનું દેરાશરજી બંધાવ્યું રત્નના ચોવીશ જીનબીંબ પધરાવ્યા વળી ગૌતમ સ્વામી પોતાની લબ્ધીએ ચડી પ્રભુ વાંદી જગ ચીંતામણી કરી ત્રિર્યંકજાંભક દેવતાને પ્રતિબોધ કરી પંદરસો ત્રણ તાપસને પારણાં કરાવી કેવળ જ્ઞાન પમાડયું વળી રાવણે વેણા વગાડી તીર્થંકર ગોત્ર બાંધ્યું વળી અનંતા જીવ મુક્તિ ગયા તે સરવેને મારી અનંતી ક્રોડાણુક્રોડવાર ત્રિકાળ વંદના હોજો. વળી ગીરનારજી ઉપર નેમીનાથ ભગવાને એક હજાર પુરૂષો સાથે દિક્ષા ગ્રહણ કરી (લીધી) વળી સમુદ્ર પાણીથી ભરેલો તેમ આ સંસાર દુઃખથી ભરેલો એટલે સાચા સુખનો હળાહળ વિષ જેવો બળતી આગ જેવો વેરી જાણી નીકળી

પડયા. ચારિત્ર પાળી પંચાવનમેં દિવસે કેવળ જ્ઞાન પામ્યા. પાંચસો છત્રીશ મુનીઓ સાથે મુક્તિ ગયા. સાતસો વરસ સુધી કેવળી પર્યાય પાળી ઘણા જીવોને પ્રતિબોધ દીધા. વળી અનંતા જીવ મુક્તિ વર્યા તે સરવે જીવોને મારી અનંતીવાર ક્રોડાણક્રોડવાર ત્રીકાળ વંદના હજો. વળી સમેતશીખરજી ઉપર વીશ પ્રભુજી સતાવીશ હજાર ત્રણસો ઓગણપચાશ મુનીઓ સાથે મુક્તિપદને પામ્યા. વળી શામળા પાર્શ્વનાથજી પણ ત્યાં બીરાજે છે વળી અનંતા જીવ તે જગ્યાએ મુક્તિપદને પામ્યા તે સરવેને મારી અનંતી ક્રોડણક્રોડવાર ત્રીકાલ વંદના હજો. ચંપાપૂરીમાં વાસુપૂજ્યજી મુક્તિ પામ્યા વળી પાવાપૂરીએ મહાવીરસ્વામી સિદ્ધી વર્યા તે સર્વેને મ.રી અનંતી ક્રોડાણક્રોડવાર ત્રીકાલ વંદના હજો. વળી શ્રી સિદ્ધાચલજી ઉપર આદિશ્વર ભગવાન પૂર્વ નવાણુંવાર સમોસર્યા અનંત લાભ જાણી વળી અનંતા જીવ મુક્તિ વર્યા વળી જીન બીંબ ઘણા છે તે સરવેને મારી અનંતી ક્રોડાણક્રોડવાર ત્રિકાલ વંદના હોજો. હવે દ્રવ્યજીન તે પણ તીર્થંકર પદવી ભોગવીને પોતાના શાસનને પરિવાર લેઇને મુક્તિપદમાં બીરાજે છે તે સરવે જીવને મારી અનંતી ક્રોડાણક્રોડવાર ત્રીકાલ વંદણા હજો. વળી આવતે કાળે તીર્થંકર પદવીએ પામશે. શ્રેણીક રાજાના જીવ પ્રમુખ જીવને મારી અનંતી ક્રેડાણક્રોડવાર ત્રીકાલ

વંદના હોજો. વળી મ્હારા જીવને નીગોદમાંથી બહાર કાઢનાર સીદ્ધના જીવને પણ મારી અનંતી ક્રોડાણક્રોડવાર ત્રીકાલ વંદના હોજો. હવે ભાવજીણા સમોવશરણ ઠા. સમો-શરણને વીષે વીશ વીહરમાનજી બીરાજમાનછે પાંચસો ધનુષ્યની દેહ છે. સોવનસમી કાયા એક હજાર આઠ ઉદાર લક્ષણ છે જ્ઞાન અતિશય કરીને સરવે પદાર્થ જાણી રહ્યા છે, દર્શને કરી સરવે ભાવ દેખી રહ્યા છે, વચન અતિશય કરી ભવિક જીવોને પ્રતિબોધ કરે છે તેથી કોઇ જીવતો ક્ષપકશ્રેણી માંડે છે કોઈ સાધુપણું પામે છે, તો કોઇ શ્રાવકપણું પામે છે, તો વળી કોઇ સમકીત પામે છે, કોઈ ભદ્રક ભાવ પામે છે. એ રીતે બહુ જીવને સંસારના ક્લેશથી મૂકાવે છે વળી પૂજા અતિશય કરી ભવી જીવને પ્રભુજીની પૂજા, સેવા, ભક્તી, વંદના, સ્તવન આદિ કરવાનું મન થાય છે. તેથી પૂજી, સેવી, વાંદીને પ્રભુ સરખા પુંજનીક થાય છે. અપાયા પગમ અતીશયે કરીને ભવી જીવને આ ભવના અને ભવોભવના કષ્ટ, દુઃખ, સંતાપ આપદા વીગેરે ટાળે છે વળી એ ચાર મહા અતિશય વળી અશોક વૃક્ષ શોભે છે, વળી ફુલની વૃષ્ટિ ઢીંચણ સુધી જોજન ગામિનીવાણી પાંચ વરણના ફુલ, જલ, સ્થલમાં નીપજેલાં વરસે છે વળી પ્રભુ વાણી એક જોજન સુધી સંભળાય છે વળી પ્રભુજીને ચમ્મર વીંજાય છે. રત્નના સીંઘાસણપર બેઠા છે વળી ભામંડલ

પાછલણી રાજે છે આકાશે દુદંભી ગાજે છે વળી ત્રણ છત્ર માથે છાજે છે એમ બાર ગુણ સહીત છે ચોત્રીશ અતિશય કરી બીરાજીત છે પાંત્રીશ વાણી ગુણે કરી રાજીત છે આઠ પ્રતિહાર જે કરી શોભીત છે. અસંખ્યાત ઇંદ્રે કરી સેવીત છે અઢાર દોષે કરી રહીત છે. કેવળ જ્ઞાન કેવળ દર્ષણ આદિ દેઇ અનંત ગુણે કરી સહીત છે તરણતારણ ઝાઝસમાન છે પાપરૂપ અંધકાર ટાળવા સૂર્યસમાન છે. કલ્યાણકને દિવશે નરકે પણ અજવાલું થાય છે વળી મહાગોપ માહણ નીર્યામક સાર્થવાહ એવી ઉપમાં છાજે છે. મોક્ષનો સાર્થી છે બે ક્રોડ કેવલી બે હજાર ક્રોડ સાધુ ગણધર કેવલ જ્ઞાની મન પર્યવજ્ઞાની અવધી જ્ઞાની અને મતીજ્ઞાની સાધુ સાધવીઓ શ્રાવક શ્રાવિકાઓ ચતુર્વિધી સંઘ સમકીતી જીવ દવાદશાંગીના જાણ વળી મુનીઆણા પાલવા વાળા અનંતા જીવમૂક્તિ પામ્યા વળી પ્રભુ આણા પાળે છે વળી આવતે કાળે પણ આણા પાળસે તે સર્વેને મારી અનંતી ક્રોડાણુક્રોડવાર ત્રિકાલ વંદણા હોજો એ વંદણાનું ફળ એજ માંગુ છું કે મારા જીવને આપના સરખો કરો એ વીનંતિ છે. તે કબુલ કરો જેથી મારા પ્રણામ તમારા જેવા સુંદર મનોહર કરો તમારા જેવું કેવળ જ્ઞાન કેવળ દર્શન ચારિત્ર સ્થીરતા રૂપ કેવળ એકલુ સુખ સર્વે દુઃખથી રહીત સાચુ સુખ અરૂપી ગુણવાન અગુરૂ અલઘુ

અવગાહના વળી સાદી અનંત સ્થીતિરૂપ સુખ આપો ફરી સંસા-રમાં આવવું પડે નહી. જ્યાં ક્રોધ નથી. માન નહીં માયા નહીં લોભ નહીં રાગ નહીં દ્વેષ નહીં મોહ નહીં આશા ત્રસણા વરણ ગંધરસ ફરસ ભુખ તરસ ટાઢ તડકો દુઃખ કલેશ સંતાપ એટલા અનંતા દોષે કરી રહીત પણું માહરી સત્તામાં છે તે અનંતા ગુણ પ્રગટ થાઓ સર્વ જીવોની સત્તામાં છે તે પણ પ્રગટ થાઓ એજ માહરો વિચાર છે. બીજુ કંઈ માંગતો નથી.

વળી સરવે સિદ્ધ ભગવાનને આચાર્યજીને ઉપાધ્યાયજીને સર્વ સાધુ ભગવાનને વળી દર્શન જ્ઞાન ચારિત્ર તપ અને નવ પદજીને માહરી અનંતિવાર કોડાણકોડવાર ત્રિકાલ વંદણાહજો

દુહો-એમ નવ પદ ભાવે પરમ આણંદ પાવે,
નવ ભવ સિવ જાવે દેવનર ભવ પાવે.
જ્ઞાનવી મલ ગુણ ગાવે સિધ્ધ ચક્ર પ્રભાવે,
સવીદુ રીત ગમાવે ભાવના ચીત્ત લાવે.

હે જીવ તું વિચાર કરકે આ વખત ફરી ફરીને મળવો તે કઠણ છે જેથી ચેત ચેત અને સમજ અને જાગ પ્રમાદ કરી બેસી ન રહે કોણ તારો હિતકારી છે કોઇજ નહીં કોણ તને સુખ આપશે માટે તું પોતાનો સ્વાર્થ સાધીને સર્વ જીવને સુખી કરીને મુક્તી નગરીમાં વાસો કર. (પ્રવેશ કર)

તેજ તારે કરવા યોગ્ય છે બાકી કઇ નહીં સંસારમાં આ ફાની દુનીઆ સર્વ સ્વાર્થી છે તેમ જાણી આ વખત ફરી મળવો અતિ દુર્લભ છે તેમ જાણી આ ભાવના હર હમેંશાં

તારે તારા આત્મ સાથે ભાવવી જેથી સરવે સંતાપ મટી જશે ને શર્વ સંપદા પામીસ તે માટે હવે પ્રમાદ કરીશ નહીં

હે જીવ હે આત્મ એથી વિશેષ હવે શું કહું જે રીતે પોતાને અને પરને શાંતિ તુષ્ટી પુષ્ટી રીદ્ધી વૃદ્ધી કલ્યાણ મંગળ જય વિજયો મોક્ષ પરમ મ્હોદય થાય તેમ કરજે અને હંમેશાં ભાવના ભાવતા પહેલાં નવકારમંત્ર તથા ઉપર જણાવેલ સિદ્ધ ગીરિરાજનું સ્તવનનું સ્મરણ કર કે જેથી તને વહેલી વહેલી મુક્તી મળે અને તારે તારા આત્માનું જ એક સારૂં વાંચવું તેમ નહીં પણ હરકોઈ આત્મા તે રસ્તે ચાલે તો તારે તેને મદદ કરવી. કોઇના ભુરામાં રાજી થઇશ નહીં હંમેશાં તારે સવારમાં ઉઠી તારા ખટ્કર્મનો વિચાર કર્યા પહેલાં તારા આત્માને હંમેશાં ભાવના ભાવવા સમજાવવું. અને સિદ્ધગીરિનું સ્તવન હંમેશાં પ્રભાતમાં બોલવું કે જેથી તારા સરવે પાપનો નાશ થઇ તારા સદ્-કર્મોનો ઉદય થશે અને તેથી તારો આત્મા આ સમુદ્રરૂપિ દરિયામાં વારંવાર ડુબતો અટકશે જેથી તારૂં તથા તારા આત્માનું કલ્યાણ થશે. એજ

દોહરો.

આત્મજ્ઞાન વિચારીને જીનની સેવા સાધ
જીન દેવ દર્શન થકી મીટ જાય સબ પાપ ॥૧
આત્મ ભાવના ભાવ જે ધરી હંમેશાં ટેક
સત્ કર્મ વિચારીને રાખ પ્રભુની ટેક

૨ અમારા સરવે જાતનાં પુસ્તકો નીચેને શીરનામેથી મળ શકશે. ૩. કોઇ ગ્રહસ્થને કઇ પણ પુસ્તક છપાવવા વિચાર હોય તો અમો મહેનત કરી તેઓને ઘેર બેઠા તે પુસ્તક છપાવી પહોંચ કરી આપીશું. ૪. અમારા પુસ્તકોમાંથી એક આનાથી ઓછી કીંતના પુસ્તકો એક આનાની ટીકીટ બીડવાથી મોકલી આપવા આવશે. ૫. પુસ્તક રખડતું મૂકી આશાતના કરવી નહીં. ૬. બહારગામના ઓર્ડરો ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

દરેકનો પોષ્ટ ચાર્જ જૂદો સમજવો.

પુસ્તકો મળવાનું ઠેકાણું:—

શા. માનચંદ વેલચંદ

ઠે. દેવચંદ લાલભાઈ ધર્મશાળા,

ગોપીપુરા—સુરત.